સાબરકાંઠામાં કોરોનાનો આંક ૧૭૯૬ થઈ ગયો

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવનો આંક દિનપ્રતિદિન વધી રહ્યો હોવાથી ડિસેમ્બર મહિનો પૂર્ણ થતા પહેલા પોઝીટેવ કેસનો આંક બે હજારને પાર કરી જાય તો નવાઈ નહી. દરમિયાન શુક્રવારે જિલ્લામાં નવા ૧૩ કેસ નોંધાની સાથે કુલ આંક ૧૭૯૬ પર પહોંચી ગયો છે. જેથી લોકોએ હજુ પણ કોરોનાથી બચવા માટે માસ્ક ફરજીયાત પહેરવાની તાતી જરૂરીયાત છે.

આ અંગે આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે જે નવા ૧૩ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના ગોકુલનગરમાં ૨૬ વર્ષિય પુરૂષ, વસંતવિહાર સોસાયટીમાં ૭૯ વર્ષિય પુરૂષ, કેલાદેવી પાર્કમાં ૫૩ વર્ષિય મહિલા તથા ગાંભોઈ ગામમાં રહેતા ૩૦ વર્ષિય પુરૂષ કોરોનામાં સપડાયા છે. તેજ પ્રમાણે ઈડરના બડોલી ગામમાં ૪૦ વર્ષિય પુરૂષ અને સદાતપુરા ગામમાં ૧૮ વર્ષિય પુરૂષનો પણ કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખેડબ્રહ્માના શહેરી વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષીય પુરૂષ, પ્રાંતિજ તાલુકાના આમોદરા ગામના ૩૪ વર્ષિય પુરૂષ તથા પ્રાંતિજની ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતા ૪૪ વર્ષિય પુરૂષ, તલોદ તાલુકાના હરસોલ ગામના ૫૪ વર્ષિય મહિલા, વડાલી તાલુકાના લાખેડા ગામે રહેતા ૫૪ વર્ષિય મહિલા, વડગામડાના ૪૩ વર્ષિય મહિલા સહિત વિજયનગરના ૪૮ વર્ષિય પુરૂષનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

હિંમતનગરમાં લેબના સંચાલકોની અણઆવડત કે ભુલ

કોરોનાનો રીપોર્ટ કરાવવા આવેલા દર્દીના રીપોર્ટમાં વિરોધાભાસ : હિંમતનગરની લેબોરેટરીમાં લેવાયેલા સેમ્પલ ટેસ્ટ માટે અમદાવાદ મોકલાય છે

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાએ ફેલાવેલા વિકરાળ પંજાનો અનેક લોકો ભોગ બની રહ્યા છે ત્યારે હિંમતનગરના બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ એક લેબોરેટરીમાં હિંમતનગર તાલુકાના એક ગામના દર્દીએ કોરોના રીપોર્ટ કરાવવા માટે સેમ્પલ આપ્યા હતા. ત્યારબાદ શુક્રવારે તેનો રીપોર્ટ બે વખત આવ્યો છે જેમાં એકમાં નેગેટીવ જ્યારે બીજામાં કોરોનાના પોઝેટીવ લક્ષણો હોવાનું જણાવાયુ છે. જેથી આ અંગે આરોગ્ય વિભાગે ઘટતી તપાસ કરવી જોઈએ.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ સ્ટર્લિંગ એક્યુરસી લેબોરેટરીમાં ગુરૂવારે હાથરોલ ગામના એક રહિશ કોરોનાનો ટેસ્ટ કરાવવા આવ્યા હતા. અગાઉ તેમણે કરાવેલા ટેસ્ટમાં નેગેટીવ રીપોર્ટ આવ્યા બાદ તેઓએ સ્ટર્લિંગ એક્યેરસી લેબમાં આરટીપીસીઆર ટેસ્ટ માટે સેમ્પલ આપ્યુ હતુ. ત્યારબાદ શુક્રવારે સવારે તેના બે રીપોર્ટ આવ્યા હતા રેપીડ ટેસ્ટ નેગેટીવ આવ્યા બાદ આરટીપીસીઆર ટેસ્ટ અલગ આવતા ખુદ ટેસ્ટ કરાવનાર ઈસમ પણ અચંબામાં મુકાઈ ગયા હતા. જેથી એ સમજાતુ નથી કે એક જ દર્દીના બે રીપોર્ટમાં ભિન્ન વિગતો આવી છે તે ખરેખર સાચી છે કે ખોટી તે અંગે આરોગ્ય વિભાગે તપાસ કરવાની જરૂર છે. નહી તો જિલ્લાના અનેક લોકો ગમે ત્યા ટેસ્ટ કરાવ્યા બાદ ચિંતામાં મુકાઈને અડધા થઈ જશે હવે આરોગ્ય વિભાગ શુ કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું.

સીએનજી રીક્ષામાં ગુપ્ત ખાનું શોધવામાં ગોથે ચઢી પોલીસ બે રિક્ષામાંથી ૧૦૦ બોટલ દારૂ ઝડપ્યો

બાયડ પોલીસે કારમાંથી ૧.૪૪ લાખનો દારૂ ઝડપ્યો

બાયડ, તા. ૧૮

રાજ્યમાં દારૂબંધીના કડક કાયદાની વાતો વચ્ચે પરપ્રાંતમાંથી દરરોજ મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. વિદેશી દારૂના વેપલા અને હેરાફેરીમાં રહેલી આંધળી કમાણીને પગલે બેરોજગાર યુવાનો બુટલેગર બની રહ્યા છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર બુટલેગરો પર તવાઈ બોલવી છે. બાતમીદારોને સક્રિય કરી દારૂની હેરાફેરી કરતા શખ્સોને દબોચી રહી છે. ડીવાયએસપી ભરત બસિયાને બે સીએનજી રિક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા એલસીબી પોલીસને સૂચના આપતા મોડાસા હજીરાથી હિંમતનગર તરફ સીએનજી રીક્ષાનો પીછો કરી બે સીએનજી રિક્ષા ઝડપી લઈ તાપસ કરતા કઈ વાંધાજનક ચીજ વસ્તુ મળી આવી ન હતી પરંતુ ચોક્કસ બાતમીના પગલે પોલીસે બંને રીક્ષા ચાલકોની કડક પૂછપરછ કરતા રીક્ષાની નીચે અને પાછળની સીટ પાસે બનાવેલ ગુપ્ત ખાનામાંથી ૧૦૦ જેટલી વિદેશી દારૂની બોટલો મળી આવતા અમદાવાદના બંને બુટલેગરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડ મહિલા પીઆઈ એન.જી. ગોહીલ અને તેમની ટીમે પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પસાર થતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું, પીઆઈ ગોહિલને ગાબટ-ઉભારણ રોડ પર સીયાઝ કારમાં વિદેશી દારૂ ભરી બુટલેગરો ચિલોડા બુટલેગરને શરાબ ચિલોડાના બુટલેગરને આપવા ખેપ મારી રહ્યા હોવાની બાતમી મળતા તાબડતોડ ગાબટ-ઉભારણ રોડ પર વોચ ગોઠવી દીધી હતી, બાતમી આધારિત કાર આવી પહોંચતા પોલીસે કારને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૨૦ કીં. રૂ૧૪૪૦૦૦નો જથ્થો જપ્ત કરી હરિયાણાના કૃષ્ણકુમાર સુમેરસિંહ જાટ અને સંજય સરદારસિંહ આહીરની ધરપકડ કરી કાર, મોબાઈલ અને વિદેશી દારૂ મળી કુલ રૂ.૬૪૬૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી બંને બુટલેગરો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

હિંમતનગરના બગીચા વિસ્તાર અને છાપરીયામાંથી બે બાઈક ચોરાયા

હિંમતનગરના એ અને બી ડીવીઝન પોલીસની હદમાંથી થોડા સમય અગાઉ બે બાઈકની ચોરી થયાની ફરીયાદ ગુરૂવારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે હિંમતનગરની કૃષ્ણધામ સોસાયટીમાં રહેતા સંજયભાઈ પ્રવિણચંદ્ર સોનીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમના અંદાજે રૂ. ૧૦ હજારની કિંમતના બાઈક નં. એમ.એચ.૦૨.સીજે.૪૨૫૫ ની અજાણ્યો શખ્સ ગત તા. ૪ નવેમ્બરના રોજ હનુમાનજી મંદિર પાસેથી ચોરી કરી લઈ ગયો હતો. જેનો સવા મહિના બાદ પણ પત્તો ન મળતા સંજયભાઈ સોનીએ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે બીડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બગીચા વિસ્તારમાંથી બે માસ અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૧૫ની કિંમતના બાઈક નં. જીજે.૦૯.સીજે.૦૫૬૭ની ચોરી કરી લઈ ગયો હતો. જેનો કોઈ પત્તો ન મળતા બે મહિના બાદ હિંમતનગરના નવા બજાર વિસ્તારમાં રહેતા મનહરસિંહ ખુમાનસિંહ ચૌહાણે ગુરૂવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી.

ધનસુરા અને અરવલ્લી પેન્શનર મંડળે પેન્શનર ડે નિમિત્તે સૌને શુભકામનાઓ પાઠવી

ધનસુરા, તા. ૧૮

અરવલ્લી જિલ્લા પેન્શનર મંડળ ધ્વારા પેન્શનર ડે નિમિત્તે શુભકામનાઓ પાઠવી હતી. જિલ્લાના પેન્શનર ભાઈ-બહેનોને શુભકામનાઓ પાઠવી હતી અને દરેક ને કોરોનાથી બચાવવા પ્રભુને પ્રાર્થના કરી હતી. અરવલ્લી જિલ્લા પેન્શનર મંડળના પ્રમુખ અમૃતલાલ સુથાર (મેઘરજ), મહામંત્રી ગોવિંદભાઈ એસ. પટેલ (ધનસુરા), ટ્રસ્ટી હસમુખભાઈ પટેલ (ધનસુરા)એ પેન્શનર ડે નિમિત્તે સૌ પેન્શનર ભાઈ બહેનોને શુભકામનાઓ પાઠવી હતી.

ઈડર તાલુકાની શક્તિ ઓર્થો. હોસ્પિટલ ત્રણ માસ માટે સસ્પેન્ડ

ઈડર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાની ઈડર તાલુકાની ઈડર શહેરમાં આવેલી ઓર્થોપેડિક હોસ્પિટલ કે જે 'આયુષ્યમાન ભારત' અને 'માં' યોજનામાં જોડાયેલ હતી પરંતુ આ હોસ્પિટલ દ્વારા 'આયુષ્માન ભારત' અને 'મા' યોજનાના લાભાર્થીઓ પાસેથી તપાસ માટેના રિપોર્ટ તથા એનેસ્થેસિયા (શીશી સુંગાડવાવાળા) ડોક્ટરનો ચાર્જ લેવામાં આવતો હોવાની ફરિયાદો મળતા આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરી ગેરરીતીના કારણે ઓર્થોપેડિક હોસ્પિટલ ઈડરને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવા આવી છે. આથી PMJAY/MAના લાભાર્થીઓએ આ હોસ્પિટલમાં સારવાર લેવી નહીં. કેંદ્ર સરકાર અને રાજ્ય સરકારની આરોગ્ય સેવા 'આયુષ્યમાન ભારત' અને 'મા' યોજના સાથે જોડાયેલ હોસ્પિટલમાં નક્કી કરેલ સારવાર પેકેજ માટે તપાસ રિપોર્ટ તથા એનેસ્થેસિયા અથવા અન્ય રિપોર્ટ માટે પૈસા આપવાના થતા નથી એમ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જુનાડીસા ડમ્પિંગ સાઈડમાં સેગ્રીગેશન મશીનનું લોકાર્પણ

ઘન કચરાની હવે કોઈ સમસ્યા નહી સર્જાય : ચીફ ઓફિસર

ડીસા તાલુકાના જુનાડીસા ગામના હાઈવે વિસ્તારમાં આવેલ ગંગાજી વહોળા પાસે ડીસા નગરપાલિકા દ્વારા ઘન કચરાનો નિકાલ કરવા માટે બનાવેલ ડમ્પિંગ સાઈડ છેલ્લા કેટલાક સમયથી વાદ વિવાદોમાં સપડાઈ છે. આ ડંપિંગ સાઈડને લઈને જુના ડીસા ગ્રામજનો દ્વારા રાજ્ય સરકારમાં પણ રજુઆત કરવામાં આવી છે. આ ડમ્પિંગ સાઈડમાં થોડા દિવસો પહેલા અચાનક આગ લાગી હતી અને આ આગે ભયંકર રૂપ ધારણ કરતાં આગને કાબૂમાં લેવા માટે નગર પાલિકા દ્વારા સતત બે દિવસ સુધી પાણીનો મારો ચલાવવો પડયો હતો ત્યારે માંડ આગ કાબૂમાં આવી હતી. આ લાગેલી આગના લીધે સમગ્ર જુના ડીસા વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા પ્રસરી જતાં લોકોનું આરોગ્ય જોખમમાં મુકાયું હતું .આ ઘટનાને લઈને જુના ડીસા ગામ પંચાયત દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત પણ કરાઈ હતી તેમજ તાત્કાલિક અસરથી ડમ્પિંગ સાઈડ દુર કરવાની ભલામણ કરવામાં આવી હતી ત્યારે ડીસા નગર પાલિકા દ્વારા આ ડમપિગ સાઈડના ધન કચરાનો નિકાલ કરવાની એક અલગ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેમાં રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી એજન્સી મારફતે ધન કચરાનો નિકાલ કરવા માટે એક સેગ્રીગેશન મશીન વસાવ્યું છે. જેનું આજે ડીસા નગર પાલિકાના ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ મશીનમાંથી વેસ્ટ માંથી બેસ્ટ કચરો બહાર પાડવામાં આવશે. દરબાર વેસ્ટ એજન્સી દ્વારા સમગ્ર કામગીરીનું સંચાલન કરવામાં આવશે.

ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે હવે ધન કચરાની કોઈ સમસ્યા જોવા મળશે નહીં. કારણ ડમ્પિંગ સાઈડથી લોકોને ઉભી થતી મુશ્કેલીઓ દૂર કરવા રાજ્ય સરકાર દ્વારા આ મશીનની ફાળવણી કરવામાં આવી છે અને આ મશીનની કામગીરી આજથી ચાલું કરવામાં આવી છે સેગ્રીગેસન મશીનમાં ધન કચરો નાખવામાં આવે ત્યારે તમામ કચરો ઓટોમેટીક અલગ પડી જાય છે જેમાથી રેતી માટી અલગ પડી જાય છે અને કચરો અલગ બહાર થઈ જાય છે ડમ્પિંગ સાઈડમાં સેગ્રીગેસન મશીન મુકવામાં આવતાં ત્યાથી પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકો તેમજ જુનાડીસાના ગ્રામજનોમાં પડતી મુશ્કેલીઓ દૂર થવાની નવી આશા જાગી છે.

ગેરકાયદે રેત ખનન કરીને આવ-જા કરતી ટ્રકોથી પિલુદ્રાના નાગરિકો પરેશાન

સાબરમતી નદીમાંથી ગેરકાયદે રેતી ખનનથી રાજ્ય સરકાર અને પર્યાવરણને તો પારાવાર નુકસાન થઈ જ રહ્યું છે, સાથોસાથ નદી કિનારાના ગામડાઓનાં નાના માર્ગો પરથી ગેરકાયદે આવ-જા કરતી ટ્રકોથી નાગરિકોના જાન-માલ સામે મોટું જોખમ ઊભું થયું છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પિલુદ્રા ગામના જાગૃત નાગરિકોએ આ અંગે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે.

પિલુદ્રાના જાગૃત નાગરિકોએ ફરિયાદમાં જણાવ્યું છે કે સાબરમતી નદીમાંથી રેતીનું ગેરકાયદે ખનન કરતી ટ્રકો પોલીસ કે અન્ય સત્તામંડળોથી બચવા પિલુદ્રા, સાંપડ, રામપુર જેવા નાનકડા ગામડાઓના સાવ સાંકડા માર્ગો પરથી બેફામ નીકળે છે. સંભવતઃ ચોરીછૂપીથી નીકળતી આવી ટ્રકો મોટાભાગે કસમયે જ નીકળે છે. રાત-મધરાતે આવ-જા કરતી ભારે ટ્રકોથી અકસ્માતનો ભય તો રહે જ છે, ઉપરાંત શ્વાસના રોગી-દર્દીઓના અને વડીલોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઉભો થઈ રહ્યો છે.

છેલ્લા ઘણા વર્ષોથી આ વિસ્તારના ગ્રામીણ નાગરિકો ગેરકાયદે હેરાફેરી કરતી ટ્રકોના ત્રાસથી પરેશાન છે. ગામના આગેવાનો સાથેની મિલીભગતને કારણે ગેરકાયદે ખનન કરતા માફિયાઓની આવી પ્રવૃત્તિઓ સામે આંખ આડા કાન કરવામાં આવી રહયા છે. સરકારી તંત્ર પણ આવી પ્રવૃત્તિઓને ગંભીરતાથી લેતું નથી. સામાન્ય નાગરિકોની આવી અવદશા અંગે સત્તાવાહકો સંવેદનશીલતા દાખવે એવું નાગરિકો ઇચ્છી રહ્યા છે. સંવેદનશીલ સરકારની સંવેદનશીલતાની અનુભૂતિ નાગરિકોને થાય તે આવશ્યક છે એવું લોકો માની રહ્યા છે.

પાલનપુરની મોબાઈલની દુકાન બહાર કોરોના ગાઈડ લાઈનનો ભંગ

પાલનપુર ગુરૂનાનક ચોક વિસ્તારમાં આવેલ એક મોબાઈલની દુકાનના સંચાલક દ્વારા દુકાનની જાહેરાત કરવા યુવાનોને લોભામણી લાલચ આપી ભેગા કરી કોરોના વાયરસના જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હતો. કોરોના વાયરસની મહામારી નો વધુ ફેલાવો ન થાય તે માટે સરકાર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.અને જો તેમ છતાં સરકારની ગાઈડ લાઈનનો ભંગ કરવામાં આવે તો રૂ.૧૦૦૦ સુધીનો પોલીસ દ્વારા દંડ ફટકારવામાં આવી રહ્યો છે. તેમ છતાં જાણે લોકો સુધરવાનું નામ ન લેતા હોય તેમ પાલનપુર ગુરૂનાનક ચોક વિસ્તારમાં નવી બનેલી મોબાઈલની દુકાનના સંચાલક દ્વારા સસ્તી પ્રસિદ્ધિ માટે યુવાનોને સોશીયલ મિડીયાના માધ્યમથી મોબાઈલની દુકાનના પ્રચાર પ્રસાર કરવાનો મેસેજ ફરતો કરી તે મેસેજ મોબાઈલની દુકાનમાં આવી બતાવનાર વ્યક્તિને મોબાઈલની વસ્તુ આપવાનું જણાવતા એક સાથે મોટી સંખ્યામાં યુવાનો એકત્ર થઈ ગયા હતા. દુકાનની બહાર લાઈનો લગાડી સોશીયલ ડીસ્ટન્સનો ભંગ કરી કોરોના વાયરસની ગાઈડ લાઈનનો ભંગ કરવામાં આવ્યો હતો. સરકારના જાહેર નામાનો ભંગ કરતા વેપારી સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

અખીલ લોહાણા મહાપરિષદ સંસ્થાના નવનિર્મિત પ્રમુખે લીધી ડીસાની મુલાકાત

લોહાણા મહાજન ડીસા દ્વારા કરાયું નવનિર્મિત પ્રમુખનું ભવ્ય સન્માન સાથે સ્વાગત

લોહાણા મહા પરિષદ સંસ્થાના નવનિર્મિત પ્રમુખ સતીષભાઈ વિઠલાણી આજરોજ ઉત્તર ગુજરાતના પ્રવાસે નીકળ્યા હતા ત્યારે પાટણ હારીજ ભાભરથી સાંજના સુમારે ડીસા લોહાણા સમાજના જલારામ સંકુલ પહોંચતા ડીસા લોહાણા મહાજનના પ્રમુખ રજનીભાઈ ઠક્કર, દિનેશભાઈ ઠક્કર, બાબુભાઈ ઠક્કર સહીત ઠક્કર સમાજના આગેવાનો દ્વારા નવનિર્મિત પ્રમુખ સતીષભાઈ વિઠલાણી અને પુર્વ પ્રમુખ પ્રવીણભાઈ કોટકનું ભવ્ય સ્વાગત સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

આજરોજ ડીસા જલારામ સેવા સંકુલ ખાતે આવેલા સતીષભાઈ વિઠલાણી તથા મહા પરિષદના પુર્વ પ્રમુખ પ્રવીણભાઈ કોટક તથા પ્રતિનિધિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. નવનિર્મિત પ્રમુખ સતીષભાઈ વિઠલાણી દ્વારા સમગ્ર રઘુવંશી મહાજને ગ્રાઉન્ડ લેવલેથી કાર્ય કરવાની અને લોહાણા સમાજને પડતી તમામ મુશ્કેલીઓ કઈ રીતે દૂર કરવી તેના અભિપ્રાયો મેળવ્યા હતા અને સતીષભાઈ વિઠલાણી દ્વારા જણાવ્યું હતું.

લોહાણા સમાજ રાજકીય ક્ષેત્રે પાછળ છે ત્યારે સહુ ઠક્કર સમાજના આગેવાનો દ્વારા ઠક્કર સમાજ કોઈપણ વ્યક્તિ રાજકીય પક્ષમાં જોડાઈ અને ચુંટણી લડવા માંગતા હોય તેને સર્વ સમાજ દ્વારા ટેકો આપી ઠક્કર સમાજને રાજકીય ક્ષેત્રે આગળ લાવવાના પ્રયાસો કરવામાં આવે. વધુમાં જણાવ્યું હતું કે હું પ્રમુખપદ પર બિરાજમાન થયા બાદ કોઈપણ ભેદભાવ રાખ્યા વગર લોહાણા સમાજ આગળ વધીને પ્રગતિ કરે તેવા પ્રયાસ કરવામાં આવશે. લોહાણા સમાજમાં શૈક્ષણિક કાર્ય આરોગ્યલક્ષી કામગીરી કરવામાં લોહાણા મહાજન ક્યારે પીછેહઠ નહીં કરે તેની આજે ખાત્રી આપી હતી. લોહાણા મહા પરિષદના પ્રમુખપદભાર સતીષભાઈ વિઠલાણી ૨૦મી ડિસેમ્બરથી સભાળશે અને પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ કોટકના અનુભવ અને માર્ગદર્શનનો લાભ લઈ સમાજ સેવા કરવાનો મોકો મળ્યો તે સાર્થક કરી બતાવીશ.

આ કાર્યક્રમ સફળ બનાવવા રજનીભાઈ ઠક્કર (કુંવર) પ્રમુખ બાબુલાલ પ્રાઈમ દિનેશભાઈ દીપ અતુલભાઈ અખાણી અને લોહાણા સમાજના પત્રકાર મિત્રોમાં કનુભાઈ આચાર્ય આનંદભાઈ ઠકકર, હરેશભાઈ ઠકકર, શંકરભાઈ કતીરા હાજર રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભગવાન દાસ બંધુએ કર્યું હતું.

આંજણી ગામે વાપરવા માટે પૈસા માંગતા ઝગડો થયો

હિંમતનગર, તા. ૧૮

પોશીના પોલીસ સ્ટેશનની હદમાં આવેલ આંજણા ગામે છ દિવસ અગાઉ ગામમાંથી જઈ રહેલા એક ઈસમ પાસેથી બે શખ્સોએ ગમે તે કારણસર વાપરવા માટે પૈસાની માંગણી કરીને ઝગડો કર્યો હતો અને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ ગુરૂવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે આંજણી ગામના શંકરભાઈ રૂપાભાઈ ગમાર રહે. ગાંધીસણે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેઓ ગત તા. ૧૭ ડિસેમ્બરના રોજ તેઓ રેવિયાભાઈની દુકાનેથી સસરાના ઘરે જતા હતા ત્યારે આજ ગામના ગોપાલભાઈ બદરૂભાઈ બુંબડીયા અને સંજયભાઈ લાલુભાઈ બુંબડીયાએ રેવિયાભાઈ પાસે વાપરવા માટે પૈસાની માંગણી કરી હતી જેથી રેવિયાભાઈએ પૈસા આપવાની ના પાડતા આ બંને જણાએ તેમના પર હુમલો કરી ઈજા પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા શંકરભાઈ ગમારે બંને જણા વિરૂદ્ધ ગુરૂવારે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ડીવાયએસપી ભરત બસીયાની મેઘા પ્રોહિબિશન ડ્રાઈવ

છારાનગર(જીવણપુર) દેશી દારૂની ભઠ્ઠીઓ નાશ કરી ૨૦ હજાર લીટરથી વધુ દારૂના વોશનો નાશ કર્યો

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પોકળ દાવાઓ વચ્ચે દેશી-વિદેશી દારૂની રેલમછેલ થઈ રહી છે. અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં ધમધમતા દેશી-વિદેશી દારૂના વેપલા પર કાબુ મેળવવા શપ્ત કાર્યવાહીના આદેશના પગલે જીલ્લા પોલીસતંત્ર દોડાદોડી કરી રહ્યું છે. એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી ભરત બાસિયાએ એલસીબી અને પેરોલ ફર્લોની ટીમ સાથે ગુરુવારે રાત્રે મોડાસા તાલુકાના દેશી દારૂના ગૃહ ઉદ્યોગ તરીકે જાણીતા અને મહિલા બુટલેગરો દ્વારા સંચાલિત કુખ્યાત છારાનગરમાં ત્રાટકી દેશી દારૂ બનાવની ભઠ્ઠીઓ તોડી પાડી ૨૦ હજારથી વધુ લીટર દેશી દારૂનો વોશ નાશ કરી દીધો હતો રાત્રીના સુમારે પોલીસ ત્રાટકતા બુટલેગરો બોખલાઈ ગયા હતા અને સ્થળ અને ઘર છોડી ફરાર થઈ ગયા હતા.

ડીવાયએસપીએ ભરત બાસિયાએ છારાનગરમાં દારૂની ભઠ્ઠીઓ ચલાવતા અને દારૂ ગાળવાની પ્રક્રિયા કરતા બુટલેગરો અને દારૂનો જથ્થો સપ્લાય કરતી મહિલાઓ સંચાલિત દેશી દારૂના વેપેલાનાં ચક્રને તોડી નાખવા ગુરુવારે મોડી રાત્રે એલસીબી પીઆઈ આર. કે. પરમાર, પેરોલ ફર્લો પીએસઆઈ કે. એસ. સીસોદીયા અને તેમની ટીમ સાથે રેડ કરી હતી છારાનગરમાં દેશી દારૂની ઘેર ઘેર ધમધમતી ભઠ્ઠીઓ જોઈ ડીવાયએસપી ભરત બસીયા પણ ચોકી ઉઠ્યા હતા. દેશી દારૂ ગાળવાની પ્રક્રિયા ચાલુ હતી ત્યારે જ પોલીસે ત્રાટકી દેશી દારૂની ભઠ્ઠીઓ તોડી નાખી દૂર કરી દેશી દારૂ બનાવવાનો વોશ અને સામગ્રી મોટા પ્રમાણમાં જપ્ત કરી હતી. પોલીસ કાફલો રાત્રે ત્રાટકતા દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવતા બુટલેગરો અંધારાનો લાભ લઈ ખેતરોમાં નાસી છૂટ્યા હતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખાખીની બુટલેગરો સાથે ભાઈબંધીની ચર્ચા હંમેશા કેન્દ્ર સ્થાને રહી છે

પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયા પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને પોલીસકર્મીઓની બુટલેગરો સાથેની ભાઈબંધી સાથેની અભેદ્ય દીવાલ તોડવામાં સફળ રહેશે કે નહિ તે તેની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.